Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૯ મું. વિક્રમ સંવત્ ૧૯૬૭. ભાદ્રપદ. અંક ૨ જો.

## પ્રભુસ્તુતિ.

### ગીતિ.

જે [1]જિનસિંહ વિલોકી,
કર્મ [2]મૃગો દૂરથી તરત નાશે;
નમન અમારૂં તેને,
સદા હજો શુદ્ધ ભાવ ઉલ્લાસે. ૧
વિશ્વ [3]ગગનમાં ઊગ્યો,
[4]જિનવર તરણિ પ્રકાશતો તેજે;
[5]કર્મઘૂક ભય પામ્યા,
અંધકાર [6]અઘતણું ગયું સ્હેજે. ૨
[7]જિનવર મેઘ વિશ્વપર,
[8]આગમ અમૃત અપાર વર્ષાવે;
પાન કરી ભવિજન સૌ,
[9]શિવસુખ સાધો ઉમંગથી ભાવે. ૩

---

૧ જિન ભગવાન્ રૂપી સિંહ. ૨ કર્મરૂપી મૃગલાઓ. ૩ આ જગતરૂપી આકાશમાં. ૪ જિન ભગવાન્ રૂપી સૂર્ય. ૫ કર્મરૂપી ઘૂડ પક્ષીઓ. ૬ પાપ. ૭ જિન ભગવાન્ રૂપી મેઘ. ૮ શાસ્ત્ર રૂપી અમૃત. ૯ મોક્ષ સુખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# गुरुस्तुति.

જે ગુણ ગૌરવ ધરતા,
સંયમથી તપ અખંડ આચરતા;
જ્ઞાનમગ્ન થઇ રહેતાં,
તે ગુરૂ જયવંત હો ક્ષમા ધરતા. ૧

## અધ્યાત્મ રસિક શ્રીમાન્ ચિદાનંદજી મહારાજ

કૃતપદ ( રાગ મારૂ. )

[ વ્યાખ્યા સહિત. ]

પિયા નિજ મહેલ પધારોરે, કરી કરૂણા મહારાજ. એ આંકણી.

તુમ બીન સુંદર સાહેબારે, મો મન અતિદુઃખ થાય ॥
મનકી વ્યથા મનહી મનજાનત, કેમ મુખથી કહેવાય ॥ પિયા ૦॥૧॥

બાલ ભાવ અબવિસરીરે, ગ્રહોઉચિત મરજાદ ॥
આતમસુખ અનુભવ કરો પ્યારે, ભાંગે સાદિ અનાદ ॥પિયા ૦॥ ૨ ॥

સેવકકી લજજા સૂધીરે, દાખી સાહેબ હાથ ॥
તોસી કરો વિમાસણ પ્યારે, અમઘર આવત નાથ ॥ પિયા ૦॥ ૩ ॥

મમ ચિત્ત ચાતકઘન તુમેરે, ઇસ્યો ભાવ વિચાર ॥
યાચકદાની ઉભય મલ્યો પ્યારે, શોભે ન ઢીલ લગાર ॥ પિયા ૦॥ ૪॥

ચિદાનંદ પ્રભુ ચિત્ત ગમીરે, સુમતાકી અરદાસ ॥
નિજ ઘર ઘરણી જાણકે પ્યારે, સફલ કરી મન આસ ॥પિયા ૦॥ ૫ ॥

વ્યાખ્યા—સુમતિ પોતાના સ્વામી ચેતનને વિનવે છે કે હે પ્રિય ! આપ મારાપર કરૂણા લાવીને મારા મહેલમાં પધારો. આપ જે કુમતિના સંગે રમોછો તેનો સંગ તજી આપ આ સુમતિનું ઘર પાવન કરો. હે પ્રભુ ! આપના વિરહે મારા મનમાં બહુ ભારે દુઃખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે તે મારા મનની વ્યથા–પીડા મારા મનમાંજ સમજી રહી છું તે કથી કથાય તેમ નથી. કથતાં લાજ–શરમ પણ આવે છે. વધારે શું કહું ? ૧ વળી હે પ્રભુ ! હવે હું બાળભાવ મૂકીને યૌવન વય પામી છું, અને સમજણના ઘરમાં આવી મેં ઉચિત મર્યાદા આદરી છે. મતલબ કે હું હવે ધર્મ યૌવન અનુકુળ સ્થિતિ પામેલી છું તેથી આપને હવે સવેળા વિનંતિ કરૂં છું કે આપ મને આપના અર્ધાંગે સ્થાપી સહજ સ્વભાવિક સુખને અનંત કાળ પર્યંત અનુભવ કરો. સુમતિ યોગે સાચા ખોટા સુખને તેમજ તેના માર્ગને જાણી શકાય છે. અને સાચા સુખનો માર્ગ સેવતાં સુમતિ સહાયકારી થાય છે. તેથી ચેતન સત્ય સ્વભાવિક સુખ મેળવવા ભાગ્યશાળી બને છે. સુમતિ યોગે સ્વપુરૂષાર્થ સફળ થઇ શકે છે. ૨

વળી સેવકની લાજ પૂરી પાધરી સાચવવી એ આપ સાહેબના હાથમાં છે. આપ મ્હારી બાંહ ગ્રહો તોજ મ્હારી લાજ રહી શકે એમ છે,તો પછી હે નાથ ! મ્હારે મહેલે આવતાં હવે શી વિમાસણુ કરો છો? કુમતિનો સંગતજી સુમતિનો સંગ કરવો એ આપની ખાસ ફરજ જ છે અને તેથી આપ જાતેજ સત્ય સ્વભાવિક સુખ સાક્ષાત્ પામી શકો એમ છે તો પછી તેમ કરવામાં ઢીલ શી અને શા માટે ? આમાં તો એક ક્ષણભર પણ ઢીલ કરવી ઘટે નહિં. ૩ જો કદાચ એક-નીજ પ્રીતિ હોય અને બીજાની ન હોય તો તે પ્રીત વરે પડે નહિ. ઉભયની પ્રીતિથીજ કાર્ય નીપજે એ સ્વભાવિક છે. મારૂં ચિત્ત ચાતકની જેમ મેઘ સમાન આપને મળવાને તરપી રહ્યું છે. મતલબ કે મારી પ્રીતિમાં કશી ખામી નથી. તેથી પણ આપને સંકોચ કરવાની કશી જરૂર નથી. મારા જેવા યાચક અને આપ સમાન દાનેશ્વરીનો જોગ મળ્યો છતે લગારે ઢીલ કરવી શોભે નહિ. તેથી મારી વિનંતિ શીઘ્ર સ્વીકારી મને કૃતાર્થ કરો. ૪

આ પ્રમાણે સુમતિએ યા સમતાએ કરેલી અરદાસ ચતુર ચે-તનના દીલમાં વસી, સમજવાન અને સત્ય સુખના અર્થી ચેતનને એ વિનંતી ગમી તેથી સુમતિને પોતાની પ્યારી પ્રેમદા જાણીને તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંગણી કબૂલ કરી કુટિલ કુમતિનો સંગ નિવારી સુમતિનું મન સારી રીતે સંતોષિત કર્યું.

**સાર**—સુમતિ અને કુમતિ અંતરંગ નારીઓ છે, જેમાંની એક સજ્જન અને બીજી દુર્જન છે. સુમતિ સુખદાયી અને કુમતિ દુઃખદાયી છે. બહુધા જીવ માત્ર બાળ–અજ્ઞાનપણે સુમતિનો અનાદર કરી કુમતિનાજ ફંદમાં પડી વિધ વિધ વિડંબના પામ્યા કરે છે. એમ અનંતકાળ વીતતાં કવચિત પુન્ય યોગે કોઈ સુમતિના સંગી જ્ઞાની મહાત્માનો યોગ મળતાં તેમની પાસે સુમતિ કુમતિના ગુણ દોષ જાણી, વિવિધ દુઃખથી મુક્ત થઇ સત્ય સ્વભાવિક સુખ પામવાની લાલસાથી ચેતન કુમતિનો સંગ તજી સુમતિનો સંગ કરવા લલચાય છે. એટલે જ્ઞાની મહાત્માએ આપેલા સદ્બોધ અનુસારે ચાલવા ઈચ્છે છે. જો તે ફરી કુમતિના પાસમાં પડે નહિં અને સુમતિનો સંગ તજે નહિં તો તે તે સ્વલ્પ સમયમાં સત્ય સુખ સાક્ષાત્ અનુભવી શકે છે. પણ જો તે કામણગારી કુમતિના ફંદમાં ફરીવાર ફસાઈ જાય છે તો પાછો વિવિધ દુઃખના ચક્રાવામાંજ પડે છે, અને એવા જ દુઃખમાં પુનઃ પુનઃ અનંત કાળ તેને વીતાવવો પડે છે. એમ વિચારી સુજ્ઞ–ચકોર જનોએ ચેતી લઈ કષ્ટદાયી કુમતિનો સંગ સર્વથા નિવારી સુખદાયી સુમતિનોજ સંગ સદા સજવો ઉચિત છે. જેવી સુમતિ અને કુમતિ અંતરંગ નારીઓ કહી તેવીજ રીતે તે સુમતિ અને કુમતિથી વાસિત બંને પ્રકારનીબાહ્ય વ્યવહારિક નારીઓ પણ હોય છે. જેમાંની એક સ્વપતિને સર્વ રીતે સ્વ ચરિત્ર–વર્તન (ઉત્તમ પ્રકારનાં આચરણ)થી સંતોષ પમાડે છે અને બીજી તેથી વિપરીત વર્તનથી સ્વપતિને પરિતાપ ઉપજાવે છે. તે તે વ્યવહારિક સ્રીઓમાં પણ પોતાના પતિને સંતોષ કે પરિતાપ ઉપજાવવાનું મુખ્ય કારણ પૂર્વોક્ત સુમતિ અને કુમતિજ છે એમ સમજી ચતુર આત્માઓ! ભાઇઓ અને બહેનો! તમે હિતાહિતનો વિવેકથી વિચાર કરી સુમતિનો સંગ આદરી કુમતિનો સંગ સર્વથા તજો! ઇતિશમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મજ્ઞાનનો સરલ અને શુદ્ધ માર્ગ.

## ( આત્મબોધ. )

દુષ્ટ અંતવાલા અને અનંત ચાર પ્રકારની ગતિના સ્વરૂપને પ્રસાર કરનારા આ સંસારને વિષે આ જગતના સર્વ જંતુઓના ચિત્તને ચમત્કાર કરનારા એવા ઈંદ્રાદિક સુર અસુરોએ રચેલા ઉત્કૃષ્ટ આઠ મહા પ્રાતિહાર્ય વિગેરે સર્વ અતિશયોથી યુક્ત એવા જગદ્ગુરૂ શ્રી વીર પ્રભુએ સર્વ ઘનઘાતિ કર્મના દલીયાના સમૂહના નાશથી ઉત્પન્ન થયેલ સર્વ લોકાલોક લક્ષણવાળા લક્ષ્યને અવલોકન કરવામાં કુશળ એવા નિર્મળ કેવળજ્ઞાનના બલથી ત્રણ પ્રકારના જીવો કહેલા છે. ૧ ભવ્ય, ૨ અભવ્ય, અને ૩ જાતિભવ્ય. જે જીવો કાલાદિકના યોગની સામગ્રી પ્રાપ્ત કરી પોતાની શક્તિથી સર્વ કર્મોને ખપાવી મુક્તિએ ગયા છે, જાય છે અને જવાના છે, તે સર્વ જીવો ત્રિકાલની અપેક્ષાએ ભવ્ય કહેવાય છે.

જે જીવો આર્ય ક્ષેત્ર વિગેરેની સામગ્રી છતાં પણ તેવી જાતના કોઇ જાતિ સ્વભાવને લઈને સર્વદા તત્ત્વશ્રદ્ધાના અભાવથી કયારે પણ મુક્તિને પામ્યા નથી, પામતા નથી અને પામવાના નથી, તે અભવ્ય કહેવાય છે.

મુક્તિની પ્રાપ્તિનું મૂળ કારણ સમ્યક્ત્વજ છે, તેને માટે શાસ્ત્રમાં કહ્યું છે—

दंसणभट्ठो भट्ठो दंसण भट्ठस्स नत्थि निव्वाणं ।
सिज्झंति चरणरहिया दंसणरहिया न सिज्झंति ॥

જે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલો છે, તે સર્વથી ભ્રષ્ટ સમજવો. સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા પ્રાણીને મોક્ષ પ્રાપ્ત થતો નથી; પ્રાણીઓ ચારિત્ર રહિત મુક્તિ પામે છે પરંતુ સમ્યક્ત્વ રહિત કદાપિ મુક્તિમાર્ગ પ્રતિ પ્રયાણ કરી શકતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહિં જે ' ચારિત્ર રહિત ' એમ કહ્યું, તે દ્રવ્યચારિત્રથી રહિત એમ સમજવું.

વળી જે જીવ અનાદિકાલથી આશ્રિત એવા સૂક્ષ્મ ભાવનો ત્યાગ કરી જો બાદર ભાવને પામે તો તે અવશ્ય સિદ્ધ થાય છે, પરંતુ સર્વ સંસ્કારને કરનારાના વિષયમાં નહિં આવેલી ખાણુની અંદર રહેલ સંસ્કારને યોગ્ય એવા પાષાણુની જેમ સૂક્ષ્મ ભાવનો ત્યાગ કરી કદિ પણુ અવ્યવહાર રાશિરૂપ ખાણુથી બાહેર આવેલા નથી, આવતા અને આવવાના નથી, તે જાતિભવ્ય કહેવાય છે. આ જીવો માત્ર કહેવાનાજ ભવ્ય છે, પણુ સિદ્ધિ સાધકપણે ભવ્ય નથી, તેને માટે આગમમાં કહ્યું છે કે—

" सामग्गिअन्नावाओ, ववहाररासिअप्पवेसाओ ।
भव्वावि ते अनंता, जे सिद्धिसुहं न पावंतित्ति ॥ "

સામગ્રીનો અભાવ હોવાથી જેમનો વ્યવહાર રાશિમાં પ્રવેશ નથી એવા ભવ્ય જીવો પણુ અનંતા છે કે, જેઓ મોક્ષ સુખને પામતા નથી અને પામવાના નથી.

ઉપર કહેલા ત્રિવિધ જીવોમાંથી જે અભવ્ય અને જાતિભવ્ય એ બે રાશિના જીવો નિર્મલ શ્રદ્ધાથી રહિત હોવાથી આ વિષયના અધિકારી નથી, માટે બાકીના ભવ્ય રાશિના જીવો રહ્યા, તેજ આ ઉત્તમ માર્ગના અધિકારી છે.

**ભવ્યજીવોના ભેદ**

તે ભવ્યજીવો બે પ્રકારના છે. એક આસન્નભવ્ય અને ૨ દૂરભવ્ય, તેમાં દૂરભવ્ય કોને કહેવાય ? તે કહે છે. જેને અર્ધ પુદ્ગલ પરાવર્તનથી અધિક સંસાર હજી વર્ત્તે છે, તે દૂરભવ્ય કહેવાય છે અને જેને અર્ધ પુદ્ગલ પરાવર્ત્તનથી ન્યૂન સંસાર વર્ત્તે છે, તે આસન્નભવ્ય કહેવાય છે. તેઓમાં જે દૂરભવ્ય છે, તેમને મિથ્યાત્વનો ઉદય પ્રબલ હોવાથી કેટલાક કાળ પર્યંત સમ્યક્દર્શનની પ્રાપ્તિનો અભાવ હોય છે, તેથી તેમનું પર્યટન આ સંસાર અટવીમાં ઘણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળ રહે છે, એટલે તેમને આત્મબોધનો સદ્ધર્મ માર્ગ દુર્લભ થાય છે, અને જેઓ આસન્નભવ્ય છે, તેમને કાંઇક ન્યૂન અર્ધ પુદ્ગલ પરાવર્ત્તન કાલ હોવાથી આત્મબોધનો સદ્ધર્મ માર્ગ સુલભ થાય છે. વળી તેમને હલકા કર્મને લઈને તત્ત્વશ્રદ્ધા સુલભ છે, માટે આસન્નભવ્ય જીવો આ વિષયના અધિકારી છે," તે આસન્નભવ્ય જીવોના ઉપકારને અર્થે આત્મબોધનું કાંઇક સ્વરૂપ નિરૂપણ કરવામાં આવે છે.

તે તે ભાવને સતતપણે પ્રાપ્ત થાય તે આત્મા કહેવાય છે.

**આત્મા શબ્દનો અર્થ** (અતતીતિ આત્મા) એટલે આ જગતના પદાર્થોને લેવા દેવાની જેનામાં શકિત છે, તે આત્મા કહેવાય છે.

**આત્માના પ્રકાર**—તે આત્મા ત્રણ પ્રકારના છે. ૧ બહિરાત્મા, ૨ અંતરાત્મા, અને ૩ પરમાત્મા.

**બહિરાત્માનું સ્વરૂપ** મિથ્યાત્વના ઉદયને વશ થઇ શરીર, ધન, પરિવાર, મંદિર, નગર, દેશ, મિત્ર અને શત્રુ વગેરે ઇષ્ટ—અનિષ્ટ વસ્તુઓમાં રાગ દ્વેષની બુદ્ધિને ધારણ કરે છે અને સર્વ અસાર વસ્તુને સાર રૂપે જાણે છે. તે પહેલા ગુણ ઠાણામાં વર્ત્તનારો જીવ બાહ્ય દષ્ટિનેપણાને લઇને બહિરાત્મા કહેવાય છે.

**અંતર આત્માનું સ્વરૂપ.** જે તત્ત્વ શ્રદ્ધાસહિત થઇ કર્મના બંધ વગેરેનું સ્વરૂપ સારી રીતે જાણે છે. જેમ કે " આ જીવ આ સંસારને વિષે કર્મ બંધના હેતુ રૂપ એવા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગવડે, સમય સમય પ્રત્યે કર્મને બાંધે છે, તે કર્મ જયારે ઉદય આવે છે, ત્યારે એ જીવ પોતેજ તેને ભોગવે છે. તેને કોઇ બીજો જીવ સહાય પણ કરતો નથી. " આ પ્રમાણે ચિંતવે છે. અને જયારે દ્રવ્ય વગેરે કાંઇક વસ્તુ જાય છે, ત્યારે તે આ પ્રમાણે ચિંતવે છે, મારો આ વસ્તુની સાથેનો સબંધ નષ્ટ થયો. મારૂં ખરૂં દ્રવ્ય તો જ્ઞાનાદિ છે, જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ પ્રદેશની સાથે સંબંધ ધરાવે છે, તે દ્રવ્ય કયાંઇ જવાનું નથી." જ્યારે કાંઈ દ્રવ્ય વગેરેનો લાભ થાય છે, ત્યારે તે આ પ્રમાણે જાણે છે—" આ પૌદ્‌ગલિક વસ્તુનો સંબંધ મારે થયો છે; તેમાં હર્ષ શો ધારણ કરવો ? " જ્યારે વેદનીય કર્મના ઉદયથી કષ્ટ વગેરેની પ્રાપ્તિ થાય ત્યારે તે સમભાવને ધારણ કરે છે અને આત્માને પરભાવથી ભિન્ન માની તેને ત્યાગ કરવાનો ઉપાય કરે છે અને ચિત્તમાં પરમાત્માનું ધ્યાન કરે છે, તેમજ આવશ્યકાદિ ધર્મ કૃત્યમાં વિશેષ ઉદ્યમવંત થાય છે, તે ચોથા ગુણઠાણાથી બારમા ગુણઠાણા સુધી વર્ત્તનારો જીવ અંતર્દ્દષ્ટિથી અંતરાત્મા કહેવાય છે.

**પરમાત્માનું સ્વરૂપ**

જે જીવ શુદ્ધ આત્મસ્વભાવને પ્રતિબંધ કરનારા કર્મ શત્રુઓ ઓને હણી અને નિરૂપમ કેવળજ્ઞાનાદિકની ઉત્તમ સંપત્તિને પ્રાપ્ત કરી સર્વ પદાર્થોના સમૂહને હથેલીમાં રહેલ આમળાની જેમ અથવા હથેળીમાં રહેલ નિર્મળ જળની જેમ જાણે અને જુવે, તેમજ પરમ આનંદના સંદોહથી સંપન્ન થાય તે તેરમા અને ચૌદમા ગુણઠાણામાં રહેલ આત્મા તથા સિદ્ધાત્મા ( શુદ્ધ સ્વરૂપપણે ) પરમાત્મા કહેવાય છે.

**આત્મ બોધ એટલે શું ?**

બોધ એટલે વસ્તુના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન તે બોધ. આત્મા કે જેનું લક્ષણ આગળ કહેવામાં આવશે, એવો ચેતન અને તેનાથી અભિન્ન સમ્યકત્વાદિ ધર્મ તેનો બોધ, તે આત્મબોધ.

**આત્મજ્ઞાનનું મહાત્મ્ય.**

જે પ્રાણીને આત્મજ્ઞાન થયેલું હોય છે, તે પ્રાણી પરમાનંદમાં મગ્ન હોવાથી કદિ પણ સંસાર સુખનો અભિલાષી થતો નથી. કારણ કે, તે સંસાર સુખ અલ્પ અને અસ્થિર હોય છે. જેમ કોઇ માણસ વિશિષ્ટ ઇચ્છિત વસ્તુને આપનારા કલ્પવૃક્ષને પ્રાપ્ત કરી તેની પાસે લુખા ભોજનની પ્રાર્થના કરતો નથી, તેમ પ્રાણી પરમાનંદમાં મગ્ન થઇ સંસાર સુખનો અભિલાષી થતો નથી. જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારા માર્ગે ચાલનારો દેખાતો પુરૂષ કુવામાં પડતો નથી, તેમ જે પ્રાણીઓ આત્મજ્ઞાનમાં તત્પર છે, તેઓ કદિ પણ નરકાદિ દુઃખને પામતા નથી. જેણે અમૃતનો સ્વાદ લીધો હોય તેવા પુરૂષને જેમ ખારા પાણીને પીવાની રૂચી થતી નથી, તેમ જેણે તેને પ્રાપ્ત કરેલ છે, તેને બાહિરની વસ્તુના સંસર્ગની ઈચ્છા થતી નથી.

**આત્મબોધ વગરના પ્રાણી કેવા હોય?**

જેને આત્મબોધ થયો નથી તે પ્રાણીને મનુષ્ય દેહ હોવાથી શીંગડા પુંછડા પ્રમુખ કાંઈ હોતું નથી, તો પણ તેને પશુ જ જાણવો. કારણ કે, આહાર, નિદ્રા, ભય અને મૈથુન વડે યુકત હોવાથી તેના તે ધર્મ પશુના જેવાં છે,તેમ વલી જે પ્રાણીએ વસ્તુતાએ આત્માને જાણ્યો નથી, તેને સિદ્ધિની પ્રાપ્તિ દૂર છે, અને પરમાત્મ સંપત્તિનો ઉપલક્ષક તે થતો નથી, અને સંસારની ધન ધાન્ય વિગેરેની સમૃદ્ધિ તેના ઉત્સાહનું કારણ રહે છે તેમજ તેની આશા રૂપી નદી સદા પૂર્ણ રહે છે. તેથી જ્યાં સુધી પ્રાણીને આત્મબોધ થયો નથી, ત્યાંસુધી તેને આ સંસાર સમુદ્ર દુસ્તર છે; ત્યાંસુધી મોહરૂપી મહા સુભટ તેને દુર્જય છે અને ત્યાંસુધી અતિ વિષમ એવા કષાયો ટકે છે, તેથી તેની અસ્તિ સર્વોત્તમ છે.

**આત્મજ્ઞાન શાથી થાય?**

કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી એવો ન્યાય છે, તો આત્મબોધ પ્રગટ થવામાં કાંઈ સતરૂપ કારણ હોવું જોઈએ. તે કારણ વસ્તુતાએ સમ્યકત્વ જ છે. બીજું કાંઇ નથી. આગમમાં પણ સમ્યકત્વ શિવાય આત્મબોધની ઉત્પત્તિ સાંભળવામાં નથી, તે ઉપરથી આત્મબોધ સમ્યકત્વ મૂળ છે એમ સિદ્ધ થયું.

(અપૂર્ણ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બાર વ્રતના અંતરંગ હેતુઓ.

[ ગત અંક પૃષ્ટ ૧૫ થી શરૂ. ]

ત્રીજું **અચૌર્ય** નામનું અણુવ્રત છે, તેમાં સ્થૂલ ચોરીને ત્યાગ કરવામાં આવે છે. કોઇનું રાખેલું, પડેલું, ભુલી ગયેલું અને થાપણરૂપે રાખેલ પરધન ગ્રહણ કરવું, તે ચોરી કહેવાય છે. તેના પણ પાંચ દોષ છે. ૧ ચોરને મદદ આપવી, ૨ ચોરીને માલ લેવો, ૩ પોતાના રાજાના વિરોધી–શત્રુના રાજ્યમાં અતિક્રમણ કરવું, ૪ જોખવાના તથા ભરવાના માપ ઓછાં વધતાં રાખવાં અને ૫ ઉંચી કીંમતની વસ્તુમાં હલકી વસ્તુ મેળવીને તેનું સ્વરૂપ છુપાવી ઉંચા ભાવથી વેચવું.આ પાંચ દોષો ટાળવાથી ત્રીજું અચૌર્ય નામનું અણુવ્રત નિર્દોષ રીતે પાળી શકાય છે.

જૈન ધર્મના પ્રવર્ત્તકોએ આ ત્રીજા અણુવ્રતની અંદર ધર્મ અને વ્યવહારના શુદ્ધ વર્ત્તનો સૂચવેલા છે. જે પુરૂષ ચોરીથી દૂર રહેનારો છે, તેનામાં બીજા વ્યવહારના મલિન વિચારો પ્રગટ થતા નથી, તે સર્વદા વ્યવહાર શુદ્ધિ પાળી પોતાના વર્ત્તનને માટે જગતમાં સારી પ્રતિષ્ઠા મેળવી શકે છે. મહાનુભાવ ધર્મવેત્તાઓએ તે અણુવ્રતના પાંચ દોષો દર્શાવી ચોરી કરવાના જે સૂક્ષ્મ ભાવો છે, તેમનું પણ સ્વરૂપ કહી બતાવ્યું છે. ' ચોરને મદદ કરવી તેના ઉપાય બતાવવા, આ પ્રથમ દોષની અંદર ગૃહસ્થને એવી સૂચના કરવામાં આવી છે કે, તેણે પોતાને ચોરી કરવી નહીં તેમ કોઇ બીજાને ચોરી કરવાની સહાય કે પ્રેરણા કરવી નહીં. તેમ ન કરવાથી ગૃહસ્થ લોકોમાં ઉત્તમ પ્રકારની પ્રતિષ્ઠા મેળવી શકે છે,અને જો તે કદિ એવું કુવર્ત્તન કરે છે,તો તેના ઉપર રાજદંડની આપત્તિ અને લોકો તરફથી તિરસ્કાર મળે છે. ચોરીનો માલ લેવો—એ પણ લોકોમાં ચોરીના જેવો ગુન્હો ગણાય છે. કારણ કે, શાસ્ત્રકારે સાત પ્રકારે ચોર કહેલા છે જેમાં પણ આ પ્રકાર છે. આથી તેનાથી પણ દૂર રહેવાને ધર્મના પ્રવર્ત્તકોએ ફરમાન કરેલું છે. તે મહાત્માઓ ત્રીજા દોષમાં જણાવે છે કે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" રાજાના વિરોધીના રાજ્યમાં અતિક્રમણુ કરવું નહીં. " આ સૂચના ગૃહસ્થને ઘણીજ ઉત્તમ પ્રકારની કરેલી છે. રાજાની આજ્ઞા વિરૂદ્ધનું આ વર્ત્તનતે મોટો ગુન્હો ગણાય છે અને તેથી તેવી રીતે વર્ત્તનાર ગૃહસ્થ રાજાની શિક્ષાને પાત્ર બને છે. જ્યારે ગૃહસ્થ રાજભક્ત ન હોય તો પછી તે ક્ષણે ક્ષણે રાજ વિરૂદ્ધ કાર્યો કરનારો હોઇ આ લોકમાં નિંદનીય અને દંડનીય થાય છે.આવા ઉત્તમ હેતુથી ધર્મના મહાન્ પ્રવર્ત્તકોએ અચૌર્ય વ્રતની અંદર તે દોષનો સમાવેશ કરી તેનાથી દૂર રહેવા કહેલું છે.

વળી રાજાની આજ્ઞા બિરૂદ્ધ તેમ કરવું એ એક જાતની ચોરી છે. કારણ કે, તેમ કરનારો રાજાની આજ્ઞા રૂપ વસ્તુનું છુપી રીતે પરિવર્ત્તન કરનાર છે. એવો ગૃહસ્થ ખરેખર ચોર જ ગણાય છે.

જોખવાના તથા ભરવાના તોલ-માપમાં ફેરફાર કરવો અને ઉંચી વસ્તુમાં હલકી વસ્તુ મેળવી ઉંચી વસ્તુની કીંમત ઉપજાવવી એ દગો ગણાય છે. તેમ કરવાથી લોકમાં પ્રતિષ્ઠાની હાનિ થાય છે અને જાહેર થવાથી રાજાની શિક્ષા ભોગવવી પડે છે.

આવી રીતે આ વ્રત અખંડ રીતે જાળવવાથી ગૃહસ્થ આ લોકમાં પ્રતિષ્ઠા, માન અને યશ મેળવે છે અને પરલોકમાં તે પોતાના શુદ્ધ કર્ત્તવ્ય રૂપ ધર્મનું ફલ ભોગવે છે. ધર્મના ઉપકારી પ્રવર્ત્તકોએ આ વ્રતની યોજનામાં કેવા ઉત્તમ હેતુઓ રાખેલા છે તે મહાત્માઓની પ્રવૃત્તિને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે.

ગૃહસ્થ સંસારી મનુષ્ય દાંપત્ય ભાવથી રહી ગૃહ વ્યવહાર ચલાવી શકે છે. પુરૂષ અને સ્ત્રી એ ઉભયના યોગથી ગૃહ-સંસારનું રાજ્ય ચાલે છે. કવિઓ અને વિદ્વાનો સંસારને એક ગાડાની ઉપમા આપે છે. અને તે ગાડાના સ્ત્રી અને પુરૂષ—બંનેને વહન કરનારા ધુર્યની સાથે સરખાવે છે. સ્ત્રી પુરૂષના યુગલથી સંસારની પ્રવૃત્તિ થાય છે. દંપતિ આ સંસાર રૂપ પ્રાસાદના સ્તંભ રૂપ છે. સંસારના કાર્યો સાધવાને માટે સ્ત્રીને પુરૂષની અને પુરૂષને સ્ત્રીની પૂરેપૂરી અપેક્ષા છે. પરંતુ તે અપેક્ષા માત્ર વિષય ભોગને ઉદ્દેશીને નથી, પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાએક કર્ત્તવ્યો સાધવાને માટે છે. દંપતી ઉભયનો યોગ તે અમુક પ્રકારની ધાર્મિક ઉન્નતિ સાધવાને માટે છે. તેમણે બંનેએ મલીને ગૃહસ્થાવાસને ચલાવવાનો છે.

તે ગૃહાવાસને અંગે બીજા નાના મોટા ઘણા નિયમો પાલવાના છે, પરંતુ તેમાં મુખ્ય નિયમ પુરૂષને માટે પરસ્ત્રી સેવનના ત્યાગનો છે અને સ્ત્રીને માટે પર પુરૂષ સેવનના ત્યાગનો છે. આ નિયમને ધર્મના પ્રવર્ત્તકો **ચોથા અણુવ્રતના** નામથી કહે છે. ગૃહાવાસનો મુખ્ય નાયક પુરૂષ છે, અને તે સ્વતંત્રતાથી વર્ત્તનારો છે, માટે આ વ્રતના પ્રકારો તેને ઉદ્દેશીને જ દર્શાવેલા છે. તે ચોથા અણુવ્રતના પાંચ દોષ છે. બીજાનો વિવાહ કરવો, કામ ક્રીડા કરવી, અશ્લીલ વચન બોલવા, કામ સેવનમાં અતિશય આસક્તિ રાખવી અને વ્યભિચારિણી સ્ત્રીઓ ( વેશ્યા વિગેરે ) તેમજ અન્ય સ્ત્રીઓ સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખવો આ પાંચ દોષો—અતિચારો ટાળવાથી ચોથું વ્રત નિર્દોષ ગણાય છે.

મહાત્મા ધર્મના પ્રવર્ત્તકોએ આ વ્રતનો ઉપદેશ આપી ગૃહાવાસની ઉત્તમ પ્રકારની શુદ્ધિ બતાવી છે. જો એ વ્રતને યથાર્થ રીતે પાલવામાં આવે તો દંપતિ ગૃહાવાસનું સંપૂર્ણ સુખ મેલવી શકે છે. સ્વદાર સંતોષથી યુક્ત એવો પુરૂષ સ્વપતિ સંતોષથી યુક્ત એવી ગૃહિણી સાથે રહી જે સાંસારિક સુખો મેલવી શકે છે, તે અવર્ણનીય છે. શુદ્ધ પ્રેમનું સ્વરૂપ પણ તેમાંજ દેખાય છે. પવિત્ર પ્રેમવતી પત્નીના સહવાસમાં રહેનારો પવિત્ર પ્રેમ ધારી પુરૂષ તેના ગૃહ જીવનને સારી રીતે સુધારી શકે છે. તેમ વલી ચોથા વ્રતને નિર્દોષ રીતે પાલનારો પુરૂષ લોકોમાં વિશ્વાસ પાત્ર બને છે, અને ઉત્તમ પ્રકારની પ્રતિષ્ઠા અને માન મેલવી શકે છે.

જે પુરૂષ તે ચોથા અણુવ્રતથી ભ્રષ્ટ થાય છે, તે લોકનિંદાનું અને રાજ શિક્ષાનું પાત્ર બને છે. તેમજ તેવા અયોગ્ય પુરૂષને પ્રતિષ્ઠિત ગૃહસ્થો માન આપતા નથી અને તે સર્વ રીતે અવિશ્વાસ પાત્ર હોઈ સારા કુટુંબોમાં પ્રવેશને પણ પ્રાપ્ત કરી શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે ઉભય લોકનો વિચાર કરી મહાત્મા પુરૂષોએ એ ચોથા અણુવ્રતની યોજના કરેલી છે. તે ઉપકારી પુરૂષોએ તેની અંદર અનેક પ્રકારના કલ્યાણના તત્ત્વો અવલોકી ગૃહસ્થ જીવનને સર્વોત્તમ બનાવવાની ઘટના કરેલી છે.

પાંચમું **પરિગ્રહ પરિમાણ** નામનું અણુવ્રત છે. પોતાના ભોગ ઉપભોગમાં આવનારા પદાર્થોનું પરિમાણ કરી તેથી અધિકનો ત્યાગ કરવો અને જરૂર કરતાં વધારે વ્યય ન કરવો તે પરિગ્રહ પરિમાણ નામનું અણુવ્રત કહેવાય છે. ખેતર, ઘર, રૂપુ, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ અને આશન શય્યા વિગેરેનું જે પ્રમાણ કર્યું હોય તેનું અતિક્રમણ કરવું એ પાંચ તેના અતિચાર છે આ પ્રકારે પાંચ અતિચાર ટાળવાથી પાંચમું અણુવ્રત નિર્દોષ રીતે પલે છે.

મહાત્મા ધર્મ પ્રવર્તકોએ આ પાંચમા અણુવ્રતની યોજના કરી ગૃહસ્થનું જીવન સંતોષથી સુખી કેવી રીતે બને ? એ વાત દર્શાવી છે. આ જગતમાં પાર્થિવ પદાર્થો એવા મોહક છે કે જેથી આકર્ષાએલો ગૃહસ્થ સ્વકર્તવ્યને ભુલી જાય છે. જ્યારે ગૃહસ્થ સ્વકર્તવ્યથી વિમુખ થયો તો પછી તે અનુક્રમે ધર્મ ભ્રષ્ટ થઈ અને અનાચારનો પાત્ર બની અધોગતિનો અધિકારી થઇ જાય છે. આથી પારલૌકિક ફલોને તે ગુમાવી બેસે છે. આવી રીતે ન બને તેથી મહાત્માઓએ આ પાંચમા અણુવ્રતની યોજના ઘડેલી છે.

હવે તે વ્રતથી ચ્યુત થયેલા ગૃહસ્થો આ લોકમાં પણ અનેક જાતની વિડંબનાઓ પામે છે. લોભના કારણે શકિત ઉપરાંત કામ લેવાથી તે અત્યંત નિર્દય ગણાય છે, એટલુંજ નહીં પણ કોઈ વાર તેને મોટી હાનિ પણ થઇ પડે છે. જરૂર વિનાની વસ્તુઓનો સંગ્રહ કરવામાં તે પોતાના સમયને નકામો વ્યય કરે છે અને યોગ ક્ષેમની નીતિને ચુકી જાય છે. બીજાનો વૈભવ જોઈ આશ્ચર્ય પામવાથી તે નાહક ચિંતાતુર રહ્યા કરે છે અને તેવો વૈભવ ન મલવાથી અનેક જાતના કર્મ બંધક અશુભ ધ્યાનો ધ્યાયા કરે છે. વિશેષ લોભ (મુર્છાભાવ) રાખવાથી તે પોતાના સર્વ ઉત્તમ ગુણોને ગુમાવી બેસે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોભને વશ થતાં તેનાથી અનેક જાતના પાપાચારો સેવાય છે. અધિકઓને વહન કરવામાં તે નિર્દયતાની મહાનિંદાનું પાત્ર બની લોકમાં અપ્રિય થઇ પડે છે.

આ પ્રમાણે ગૃહસ્થને પાંચમાં અણુવ્રતના અભાવથી આ લોકમાં પણ મોટી હાની થવાનો પૂર્ણ સંભવ જોઇ મહાત્માઓએ એ વ્રત પાલવાની આજ્ઞા ફરમાવી છે. ગૃહસ્થનું જીવન ઉભય લોકમાં ઉચ્ચ બનાવવાની અંત રંગ હેતુઓને વિલોકનારા તે જ્ઞાની પુરૂષોના પ્રવર્તનને જેટલું અભિનંદન આપીએ, તેટલું થોડું છે. અને તેમનો જેટલો આભાર માનીએ તેટલો થોડો છે. તેઓ સર્વદા પૂજનીય, વંદનીય અને સેવનીય છે.

અપૂર્ણ.

# વિચાર, વાણી અને આચારમાં અસાધારણ અંતર.

વિચાર શક્તિ એ મનુષ્યપ્રાણીનું ઉત્તમ આભૂષણ છે કે જે વડે મનુષ્યો અન્ય પશુ પક્ષી આદિ તિર્યંચ વર્ગથી જુદા પડી શ્રેષ્ઠતાનું ભાન કરાવે છે. આહાર નિદ્રા ભય વિગેરેમાં પશુવૃત્તિ અને મનુષ્ય વૃત્તિનો વ્યાપાર એક સરખો હોય છે છતાં વિચાર શકિત વડે મનુષ્યો અદ્ભુત કાર્ય કરે છે એટલુંજ નહિ, પરંતુ પોતાના સંબંધમાં આહાર નિદ્રા વિગેરે ઉપર અલૌકિક સંયમ પ્રાપ્ત કરી શકે છે.પાશવ વૃત્તિનોજય કરી માનુષિક અથવા સાત્વિક વૃત્તિનું પાલન કરવું એ વિચાર શકિતના બળ વગર બની શકતું નથી. મનુષ્ય પ્રાણીઓ કે જે જે વિચાર શકિત પ્રાપ્ત થયેલી છે તેમાંનો મોટો ભાગ વિચાર કરવામાં પ્રવૃત્તિ કરતો નથી એટલે કે પ્રમાદ અને આલસ્ય યુકત જીવન વ્યતીત કરતો હોય છે. કેટલાક પ્રાણીઓને શુદ્ધાશુદ્ધ વિચારોનું પરિજ્ઞાન નહીંહોવાથી પોતાના મગજમાં અનીતિમય વિચારોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાખલ કરાવે છે કે જે વિચારો પક્ષીઓની માફક પોતાનો માળો બનાવીને ત્યાં સુખેથી નિરંતર રહે છે. કેટલાક પ્રાણીઓ પોતા ની વિચાર શકિતનો ઉપયોગ ગતિશૂન્ય રાખી વ્યાવહારિક પ્રવૃત્તિઓમાં એવા તો મશગુલ રહેલા હોય છે કે તેઓ જીંદગીનો આંટો પૂર્ણ થયેથી વિચાર શકિત જાણે પ્રાપ્ત થઈજ નથી તેમ એમને એમ અન્યસ્થાને પ્રયાણ કરી જાય છે. વિચારોની શુદ્ધતા અને અશુદ્ધતાનું નિરીક્ષણ કરી અશુદ્ધ વિચારોને રોકવાની શકિત પ્રાપ્ત કરી શુદ્ધ વિચારોનો દીર્ઘ સમાગમ રાખી તે વિચારોને વચન પથમાં મુકી અન્ય જનોને જણાવતાં તથા તે વિચારો પ્રમાણેજ આચારનું પરિશીલન કરતાં બહુજ થોડાં વિરલ મનુષ્યો અત્યારે દૃષ્ટિ ગોચર થાય છે.

શુદ્ધ વિચારો તે હોઇ શકે કે જે આધ્યાત્મિક આનંદ ઉત્પન્ન કરવાનું અનંતર કારણ અથવા પરંપર કારણ હોય શકે. અશુદ્ધ વિચારો કૌચબીજથી મોગરાની ઉત્પત્તિના અસંભવની પેઠે કદાપિ આત્માને ઉપકારક થતા જ નથી, તેમ તેથી આધ્યાત્મિક આનંદનું બિંદુ પણ ઉદ્ભવતું નથી.

શુદ્ધ વિચારો કેવા હોવા જોઈએ, કયા પ્રસંગે કેવા વિચારોને સ્થાન મળવું જોઇએ, કયા વિચારથી આત્માની ઉન્નતિ અથવા અવનતિ થશે, તેથી અજ્ઞાત હોવાથી મનુષ્યો ગમે તેવા વિચારો કરી તેનું ફળ યોગ્ય રીતે નહીં મેળવી શકતાં ક્ષણિક જીવન પૂરું કરી મનુષ્યજીવનનીસાર્થકતાથી બેનસીબ રહે છે. વિચાર સંકળના બરાબર નહીં હોવાથી માનસગ્રંથના દરેક વિષયો અને પ્રકરણો અવ્યવસ્થિત હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. માનસગ્રંથના કાણ્ડો. સંકળનાશૂન્ય હોવાથી આત્મારૂપ વાંચકને તે શોધ્યા જડતા નથી. અથવા કવચિત્ જડે છે તો હૃદયમાં તેમને અવકાશ મળી શકતો નથી.

માનસગ્રંથની વિચારસંકળનામાં રહેલા શુભાશુભ વિચારોનું તોલન કરી પ્રતિદિન સવારથી રાત્રિ સુધીનું પરિણામ દરેક પ્રાણીએ સુઈ જવા પહેલાં તપાસવાની સંપૂર્ણ આવશ્યકતા છે. જેથી માનસમંદિરમાં શુભ વિચારોને કેટલા પુરતું તેમજ અશુભ વિચારોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલા પુરતું સ્થાન મળેલું છે, તેનો હીસાબ સહેલાઈથી ગણાઇ જાય અને ત્યાર પછી નફા અને ટોટાના સરવૈયું ખુલ્લું રહેવાથી વિશેષ લાભ ઉપાર્જન કરવાનો સમય નજીક આવી શકે.

વિચાર સંકળના કેવી રીતે શુદ્ધ હોવી જોઇએ, તેનું જ્ઞાન પ્રાપ્ત કરવાની એવી અનિવાર્ય આવશ્યકતા છે કે તેથી ઉચિત આચારની શુદ્ધિ થવાનું બની આવે છે. શુભાશુભ વિચારોના વિવેકશૂન્ય પ્રાણીઓની વિચારશ્રેણિનો પ્રવાહ સીધી પ્રણાલિકામાં કદિ પણ વહેતો નથી; એ હકીકત સિદ્ધ થયા પછી જે પ્રાણીઓને શુભાશુભ વિચારોની યથાર્થ પરીક્ષા હોય છે તેઓ માનસિક સંયમ હોવાના અભાવે શુભ વિચારોને ટકાવી રાખવા ઇચ્છતાં છતાં અશુભ વિચારોની પ્રબળતાને ક્ષણવારમાં આધીન થઇ જાય છે અને એક ઈંગ્રેજ વિદ્વાને કહ્યું છે કે, 'વિચાર એ આચારનો પિતા છે'તેમ અશુભ વિચારોનો પ્રવેશ થતાં જ આચારની ભ્રષ્ટતા તુરતજ તેને પતિત કરે છે. મનઃસંયમનો અદ્ભુત ગુણ પ્રાપ્ત કરવાને માટે વિચારોને સંકલિત અને સ્થિતિસ્થાપક બનાવવા જોઇએ. મન એ શું વસ્તુ છે,તેનું ચલિતપણું કેવા વેગવાળું છે,વિગેરે જ્ઞાન પ્રાપ્ત કરવા પછી નિર્દોષ શિક્ષણ અને સત્સંગથી મનઃસંયમ પ્રાપ્ત થાય છે અને ચિરકાળ ટકી રહે છે. આમ હોવાથી દરેક પ્રાણીએ પોતાનું કર્તવ્યક્ષેત્ર નિર્માણ કરી તેની મર્યાદાના લક્ષ્યપ્રતિ હમેશાં વિચારશીળ રહેવું જોઇએ, તે સાધ્ય કરવાને માટે અનુકૂળ વિચારોની પરંપરાનું સેવન કરવું જોઇએ અને મનઃસંયમ ધૈર્ય અને ખંતથી રાખી, કર્તવ્યક્ષેત્રની બહારના વિરોધી વિચારોને તજી દેવા જોઇએ.

મનુષ્યોમાંથી જેઓ અશુદ્ધ વિચારોનો અંતરપટ ભેદી શુદ્ધ વિચારોની પર્યાલોચના કરે છે તેઓ તત્ત્વજ્ઞાનીઓ, લેખકો વકતાઓ, નીતિ દર્શકો, અને કવિઓ વિગેરે રૂપે જન સમૂહની સમક્ષ ખડા થાય છે, પરંતુ જે જે વિચારો તેઓ જનસમુહની સમક્ષ ગ્રંથોમાં, લેખમાં, વાણીમાં, નૈતિક શાસ્ત્રમાં અને કવિતામાં રજુ કરે છે તે વિચારો શુદ્ધ અને નિર્દોષ હોવાથી જનમંડળને રૂચે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશંસાપાત્ર પણ બને છે પરંતુ તે વિચારોને અનુકૂળ તેમનું પોતાનું વર્તન છે કે નહિ તે તપાસ કરતાં જુજ મનુષ્યો શિવાય મોટા વિભાગમાં વિચાર અને વર્તનમાં અસાધારણ અંતર માલુમ પડે છે. તેમના ગ્રંથો અધ્યાત્મ રસથી ભરપૂર હોય છે, તેમના લેખો છટાદાર અને ચમકદાર અલંકાર યુક્ત હોય છે, તેમની વાણી અસ્ખલિતપણે વહન થતી શ્રોતાઓના કર્ણોને આરપાર ભેદી નાંખી હૃદયમાં ઉતરી જતી હોય છે, તેમનો ઉપદેશ ગમે તેવા મનુષ્યને સદાચરણી બનાવી શકવાને સમર્થ હોય છે, તેમની કવિતા વૈરાગ્ય રસથી છલકાતી હોય છે છતાં તેઓનું ખાનગી જીવનનું પડ ઉંચું કરીને તપાસતાં તેઓ શુષ્ક અધ્યાત્મીઓ માલૂમ પડે છે. જે ક્રિયાએ કરીને ચારગતિ પ્રાપ્ત થાય તેવી ક્રિયાઓનું સેવન કરનારા હોય છે; પોતાનું હૃદય ખાલી કરીને વૈરાગ્યને કવિતામાં ગોઠવી દીધેલો હોય છે નીતિના ઉપદેશકનું ડોળ ઘાલી અનીતિમાન્ આચરણો કરતાં જરા પણ અચકાતાં નથી.

કેટલાક પ્રાણીઓ ક્રોધ અને ક્ષમાની તુલના કરતાં દર્શાવે છે કે ક્રોધ કરવામાં આટલે દરજ્જે આત્માની અવનતિ થાય છે અને ક્ષમા ધારણ કરવાથી આત્માનો અદ્ભુત ગુણ પ્રકટે છે, પરંતુ તેઓ જ્યારે અન્યના પ્રસંગમાં આવતાં તેમને ખેદ ઉત્પન્ન થાય તેવું અન્ય તરફથી નુકસાની ભરેલું કાર્ય થતાં, ક્ષણવારમાં શાંતિ ક્રોધના રૂપમાં ફેરવાઇ જાય છે, અને એક એક પગથીયું ઉતરનાર પ્રાણી જેમ તદન નીચે ઉતરી જાય છે, તેમ દુષ્ટ ધ્યાનમાં પ્રવેશ કરતાં બીજા અકાર્યો કરતાં ચુકતા નથી.

કેટલાક પ્રાણીઓ માનનો માર્દવવડે જય કરવાનો સદુપદેશ કરે છે અને તે જનમંડળને ઘણોજ ઇષ્ટ લાગે છે; તે પ્રાણીઓને જ્યારે જનસમૂહ પોતાના નેતા તરીકે નીમે છે તે વખતે જાણે કે હું સર્વોપરી સત્તાવાળો છું એવા અભિમાન પૂર્વક પોતાને યોગ્ય લાગે તેમ સારાસારની તપાસ વગર અધિકાર ચલાવે જાય છે, માન રૂપ હસ્તી ઉપર ચડવાથી દૃષ્ટિ અંધ બની જાય છે, કીર્તિની પ્રબળ અભિલાષા ઉત્પન્ન થાય છે. વિદ્યા અથવા બળના કોઇએ વખાણ કરવાથી અભિમાન જ્વર શરીરમાં ચડીઆવતાં વાર લાગતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક મનુષ્યો માયાના પ્રતીકાર રૂપે આર્જવને સિદ્ધ કરતાં દંભથી મહાપાપ દર્શાવી સ્થૂળ પ્રમાણો વડે માયાનું ભયંકર સ્વરૂપ વાણીદ્વારા ખડું કરે છે; પરંતુ તેમના પોતાના અંગત જીવનના પ્રસંગોમાં તેઓ જો સંઘનાયક તરીકે નિર્માણ થયેલા હોય છે તો સંઘનું હિત વાસ્તવિક શી રીતે થઇ શકે તેને ગતિમાં મુકવાની દરકાર રાખતા નથી, અથવા કીર્તિની ઈપ્સાને આગળ કરી બાહ્ય દેખાવ વડે મુગ્ધ જનોને છેતરી વાહવાહ કહેવડાવવાથી સંતોષ માને છે, અને સંઘના હિત તરફ ઉપેક્ષા ભાવ રાખે છે.

કેટલાક રાગથી અભિભૂત થયેલા પ્રાણીઓ પુત્રોને વિત્તવહેંચણીના પ્રસંગે અમુક અમુક પુત્રોને અન્યાય આપી જુદી ગાંઠ ગુપ્ત રીતે રાખે છે, કેટલાએક મિત્રો સાથે એવી ગાઢ મૈત્રી બાંધે છે કે જે દેખાવમાં અનુકરણીય લાગતી હોય છતાં અંદરના ભાગમાં સ્વાર્થ સાધી લેવા પુરતી હોય છે. વ્યાપાર કરતાં દ્રવ્યનો સંચય એકદમ એકઠો કરવામાં પ્રપંચોની જાળ પાથરતા હોય છે.

સંતોષવૃત્તિ એ ખરેખરૂં સુખ છે, લોભ એ પાપનું મૂળ છે. એવું મનાવતા પ્રાણીઓ પોતાને અંગે પ્રાપ્ત થયેલા પ્રસંગોમાં ઈચ્છાઓની લગામ છુટી જાય છે અને શરાવની પેઠે ઈચ્છાઓનું પરિમંડળ વધતું ચાલે છે. ન્યાયાધીશ હોવા છતાં દ્રવ્યની લાલચથી લાંચ ખાવા ઇચ્છે છે. વકીલાત અને વ્યાપારના ધંધામાં પણ ધનાઢ્ય થવાને અપ્રમાણિકપણું એ ખાનગી જીવનનો નિયમ નિર્માણ થયેલો હોય છે.

સ્પર્શનેંદ્રિયનું નિર્લજ્જ સ્વરૂપ ખડું કરતાં હસ્તીનું દ્દષ્ટાંત આપતાં, ઇંદ્રિયજયનો સુંદર રીતે ઉપદેશ કરતાં, પ્રાણીઓ સ્વપ્રાપ્ત પ્રસંગોમાં તેઓનું મનોબળ પરસ્ત્રીઓને નિરખવાથી નિર્બળ થતું હોય છે, એકાંત પ્રાપ્ત થતાં નિર્લજ્જપણે પરસ્ત્રીના ઉપભોગમાં તત્પર થાય છે, કેટલાએક તો મનોબળ શ્રેષ્ઠ હોવાનો દાવો કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિત્રોની સ્ત્રીઓના પ્રસંગોમાં આવે છે તેઓજ સમય પ્રાપ્ત થયે ક્ષણવારમાં કુસુમાયુધના ઉપકરણથી હણાય છે.

રસનેંદ્રિયની વિષમતાને માટે કીડી અથવા ' મત્સ્યામિષ ' નું દૃષ્ટાંત આપી સમર્થન કરનારા પ્રાણીઓ પોતે મિતાહારી, હોતા નથી, મૃદુ અને સ્વાદિષ્ટ પદાર્થો જોઈ તેમના મુખોમાં રસ પ્રકટ થવા માંડે છે, કોઈ મિષ્ટ પકવાન પ્રાપ્ત થતાં ગળાં સુધી ખાય છે, ભક્ષ્યાભક્ષ્ય અને પેયાપેયનો વિવેક પોતાના સંબંધમાં રાખવો કઠિન થઇ પડે છે એવું પણ જોવામાં આવે છે.

ઘ્રાણેંદ્રિયની વિકટતા અનુભવનાર ભ્રમરનું દૃષ્ટાંત જાણતાં છતાં ઇંદ્રિયોને ચસકાવનાર ખુશબોમાં તલ્લીન થઈ જાય છે,તેમજ ચક્ષુરિંદ્રયને આધીન પતંગના મૃત્યુને પ્રત્યક્ષ જોવા છતાં નેત્રોનો ઉપયોગ પોતાના પ્રસંગમાં સુંદર સ્ત્રીઓને નિરીક્ષણ કરવામાં મશગુલ રહે છે.

શ્રોત્રેંદ્રિયથી હરિણનું ભયંકર પરિણામ વાંચ્યા અને વિચાર્યા છતાં નાટકના ગાયનો પ્રીતિથી સાંભળે છે જેથી ઉન્મત્ત અવસ્થાના અધિકારી થવાથી આત્માની ઉન્નત અવસ્થા પ્રાપ્ત થવાનો અવકાશ મળી શકતો નથી. તેવીજ રીતે હિંસા અસત્ય અને ચોરી વિગેરેમાં કટુક પરિણામો દર્શાવનાર પ્રાણીઓઅંગત જીવનમાં હિંસા કરવાથી સુખ ઉત્પન્ન થતું હોય તો તેમ તત્કાલ કરે છે, કીર્તિની સ્પૃહા હોય તો કોઇ પાસે પોતાના અસત્ય વખાણ જનસમૂહની આગળ કરાવતાં શરમાતા નથી. લેવડ દેવડના વ્યવહારમાં પણ અસત્ય બોલવું તેમને સ્વાભાવિક થઈ ગયેલું હોય છે,અને અન્યથી ગુપ્ત રાખેલું તે અસત્ય ચોરી આદિઅન્ય કુકર્મોમાં પ્રવૃત્તિ કરાવે તેમાં આશ્ચર્ય નથી.

રાગથી દૂર રહેવાનો ઉપદેશ કરનાર પ્રાણી પોતેજ કામ રાગ, સ્નેહરાગ અથવા દૃષ્ટિરાગના પાશમાં વીંટાયેલો હોય છે તેમજ દ્વેષનું નિરૂપણ કરનાર પ્રાણીના મુખમાં મધુ અને હૃદયમાં હલાહલ પોતાના શત્રુ તરફ વર્તતું હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વોકત પ્રકારે વિચાર અને વાણીસાથે આચારનું અસાધારણ અંતર મનઃસંયમનો અભાવ અને યોગ્ય વિચાર સંકલનાની શૂન્યતા ને આભારી છે. આવા હેતુથી માનસ મંદિરમાં શુદ્ધ વિચારોનો સત્કાર થવો જોઇએ. અશુદ્ધ વિચારો રૂપ પિશાચોને આવતાં મંદિરના દ્વાર બંધ કરવા જોઈએ. જે જે વિચારો કરવામાં આવે તે તે વિચારોને માનસ સંસ્કાર સાથે મેળવી દઇ વણી દેવા જોઈએ. આમ થવાથી ધીમે ધીમે મનોબળ જ્વલંત થાય છે. અને માનસસરોવરમાં શુદ્ધ વિચારો જીવન્તપણે તરવા માંડે છે. વિચારોને પ્રતિ સમય જીવન્ત રાખવાથી તે વિચારો જળવાઈ રહે છે અને તેને સદાને માટે જાળવી રાખવાને મનઃસંયમની પૂર્ણ આવશ્યકતા છે. મનઃસંયમના અભાવે વિચારોની પ્રગતિ કુંઠિત થઇ વક્રગતિમાં ચાલવા માંડે છે એટલુંજ નહિં પરંતુ આંતર શરીરને હચમચાવી અવ્યસ્થાનું સામ્રાજ્ય કરી દે છે.

ઉત્તમ પંકિતમાં ગણાતા કવિઓ કાલિદાસ, ભવભૂતિ, દંડી વિગેરે જનસમૂહની સમક્ષ પોતાના પાંડિત્યને માટે શુભ વિચારો ઉત્પન્ન કરાવનારા હોવા છતાં તેમના ખાનગી જીવનમાં સદોષ માલૂમ પડેલા છે. કવિ સુંદરદાસ કે જેની વૈરાગ્ય રસથી છલકાતી કવિતા વાંચી એક નૃપતિએ સંન્યાસ ગ્રહણ કરી લીધો, તેજ નૃપતિ એ જ્યારે તેના આવાસમાં તેને સ્ત્રીસાથે શૃંગાર ગૃહમાં તેને જોયો ત્યારે અમર્યાદ અંતર સમજવામાં આવ્યું છે.

સ્વભાવસિદ્ધ નિયમ પ્રમાણે જેવા વિચારો તેવા આચારની પ્રતિમાનું સ્વરૂપ બંધાય છે. કોઇપણ સાકાર સ્વરૂપના અવલંબન વગર કાર્ય સિદ્ધિ નથી એ સિદ્ધાંત વિદ્વજ્જનોએ માન્ય કરેલો છે. વિચારો જેટલે અંશે જ્વલંત હોય તેટલે અંશે તેમની પ્રતિમા (આચાર) ઉજ્વલ હોય છે. પરંતુ તે વિચારોને સંસ્કાર રૂપ પાષાણુ સાથે ઘડવાની જરૂર રહેલી છે, તોજ પ્રતિમા ઘડાઇને તૈયાર થાય છે. વિચારોનું લક્ષ્ય આચારમાં લીન થવા પછી વિચારોનું વંધ્યત્વ ટળી જાય છે. જેમ જ્ઞાન તેના ફળ રૂપે વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રતિમાં લય પામે છે, તેમ શુદ્ધ વિચારોનું સતત અવલંબન પછી-જ તે વિચારો જનક રૂપે જન્ય આચારને ઉત્પન્ન કરે છે આ ચિરસ્મરણીય તત્ત્વદોહન છે.

હૃદય જેને અનુમોદન આપે એવા જ વિચારો માત્ર વિચાર અને વાણીના માર્ગમાં મૂકવાની જેમ પ્રથમ આવશ્યકતા છે, તેમ તે મૂકયા પછી તેમને જીવન્ત રીતિએ આખું હૃદય અનુભવે, એ-ટલે કે તે વિચારો અને વાણીને અનુરૂપ આચારની ઉત્પત્તિ હોય, અને તે પુસ્તકોમાં રાખવા માટે અથવા બીજાને ઉપદેશ કરવા માટે ઘડાયા નથી, એમ પોતાના ખાનગી જીવનમાં ખાત-રી બંધ પુરવાર થવું જોઇએ. આ પ્રકારે તત્વચિંતકો, લેખકો, વકતાઓ, કવિઓ અને નીતિકારોમાં, મોટે ભાગે, વિચાર વાણી અને આચારમાં મહદ્ અંતર માલૂમ પડે છે. તેમનામાં તત્ત્વ ગવેષણાની સૂક્ષ્મતા, લેખ લખવાનું સાહસ અને વકતૃત્વ શકિતનું હૃદયબલ વિગેરે સામગ્રીયુકત હોવા છતાં તેમનું મનોબલ નિ-ર્વીય હોય તો સડી ગયેલાં મૂળની પેઠે આત્મારૂપ વૃક્ષનું અધઃ-પતન થયા કરે છે. સંસ્કારવડે કર્યું છે શ્રેષ્ઠ મનોબળ જેમણે એવા વિરલ મનુષ્યો દૃષ્ટિગોચર થાય છે. તેઓ વિચાર વાણી અને આચારમાં કોઇપણ પ્રસંગે જીવનના લઘુ પ્રસંગોમાં પણ ભિન્ન થતા નથી. તેથીજ તેઓ સત્પુરૂષો કહેવાય છે માટે જ કહેવામાં આવ્યું છે કે चित्ते वाचि क्रियायां च साधूनामेकरूपता.

# જૈન સાહિત્ય.

જૈન સાહિત્યના સર્વ અંગો ઉત્કૃષ્ટ હોય છે, એ તો નિર્વિ-વાદ સિદ્ધ થયેલું છે. ગમે તે સાહિત્ય હોય, પણ તેની અંદર દર્શની-ય ગુણ ભાષાનો છે. જો ભાષાની શંખૃલા પ્રાસાદ ગુણથી અલંકૃત હોય તો તે સાહિત્ય સર્વોત્તમ ગણાય છે. જૈન સાહિત્યમાં પ્રાયઃ ભાષા પ્રાસાદિક અને માધુર્ય વાલી હોય છે. તેમાં જે પદ્યમય લેખો છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની અંદર રસિક ભાષાનો ઉપન્યાસ ઘણોજ સુંદર જોવામાં આવે છે. ઇતર વિદ્વાનો પણ જૈન સાહિત્યની ભાષાને ગૌરવવાલી ગણે છે. વસ્તુ સ્વરૂપને સંક્ષેપમાં કહી સમજાવવું, એ મહાન્ ગુણ જૈન સાહિત્યની ભાષામાંજ રહેલો છે. પૂર્વના જૈન લેખકો જન સ્વભાવનું સ્વરૂપ, દુરાચારમય વર્ત્તનનો દૃષ્ટાંત સાથે તિરસ્કાર અને ઉપનયાદિ પ્રકારે સદ્બોધ કરવાની પદ્ધતી પ્રગટ કરવામાં ઉત્તમ પ્રવીણતા ધરાવે છે. અધમતાના દુષ્ટ પરિણામથી પણ નરકાદિકની યાતનાની સમજણ પમાડી સન્માર્ગનો બોધ કરવો એ કુશલતા પ્રાચીન જૈન લેખકોમાંજ રહેલી છે. કોઇ પણ વસ્તુ એકાંત હોતી નથી, માત્ર અધિકાર પરત્વે શુદ્ધ, અશુધ્ધ કે ઉભય કે અનુભયરૂપે જણાય છે, પણ લેખકનું તો એજ કર્ત્તવ્ય છે કે, અશુભમાંથી સુધારાને ક્રમે શુભને ફેલાવવું અને નિઃસારમાંથી સાર સમજાવવો.

જૈન સાહિત્યમાં એવા લેખકો ઘણાં નજરે ચડે છે, કે જેઓ બોધ્ય વસ્તુના સમગ્ર સ્વરૂપને વિલોકી શકે છે. કદિ કોઇ લેખક એક દેશને ગ્રહણ કરી વિચાર આપવા વલે છે, પરંતુ તે એક દેશમાં પણ જે બોધનીય વસ્તુ છે, તેનું સમગ્ર રીતે ભાન કરાવી શકે છે.

ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીના યોગ દૃષ્ટિ સ્વાધ્યાયમાં એ સ્વરૂપ ઘણાં પદ્યોમાં દેખાઈ આવે છે. યોગ દૃષ્ટિ સ્વાધ્યાયનો લેખ દેશી ભાષામાં છે, પણ તેની અંદર કવિત્વનો પૂર્ણ પ્રકાશ જોવામાં આવે છે. તે મહાનુભાવે કેટલા એક ભાષા પદ્યોમાં યોગનું મનોહર સુંદર ચિત્ર હૃદયની મર્મભેદક ભાવના સાથે દર્શાવી આપ્યું છે. તે મહાનુભાવ સાતમી પ્રભા નામની યોગ દૃષ્ટિનું વર્ણન કરતાં કહે છે કે,

“ विष नाग क्षय शांत वाहिता ,
शिवमारग ध्रुव नाम ।
कहे असंग क्रिया इहां योगी,
विमल सुयश परिणामरे ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પદ્યથી તે મહાનુભાવે અન્ય દર્શનીઓની માન્યતાનું દિગ્દર્શન કરાવી પ્રભા દૃષ્ટિનો ઉત્કર્ષ બતાવી આપ્યો છે અને અન્યદર્શનીઓની માન્યતામાં કેટલી ન્યૂનતા છે ? એ વાત પણ જણાવી આપી છે. તે પદ્યનો આશય એવો છે કે, રાગદ્વેષ, અહંકાર, કામોદ્રેક વગેરે દોષનો ક્ષય થવાથી મોક્ષ થાય છે, એમ બૌદ્ધ લોકો માને છે, નિરંતર શાંતપણું રાખવાથી મોક્ષ થાય છે એમ સાંખ્યમતવાલા કહે છે, જ્યાં ઉત્પાત અને વિનાશ નહીં તે ધ્રુવ રૂપ મોક્ષ છે, એમ જૈમિનિ કહે છે અને સર્વ પદાર્થના અસંગ ભાવથી અલિપ્ત ક્રિયા હોય છે, તેથી નિર્મલ યશરૂપ આત્મ ગુણના કર્મોપાધિ રહિત શુદ્ધ પરિણામ એ સર્વ મલીને મોક્ષ છે એમ સાતમી પ્રભા દૃષ્ટિથી બોધ થાય છે ”

આ કવિતામાં કર્તાએ સંક્ષેપથી કેટલો બધો બોધ સમજાવ્યો છે ? જે ઉપરથી વિદ્વાન્ વાચકને તેની ભવ્યતા, પ્રીતિ અને તન્મયતા સાથે અનુપમ આનંદ ઉદય પામે છે. આ ઉપરથી જૈન લેખકોના લેખમાં તેની પ્રતિભાની અપ્રતિમ ખુબી દેખાઈ આવે છે. સાહિત્યકાર લેખકોના પરિણામને ચિત્રના જેવી ઉપમા આપે છે. ચિત્રનો ચીતરનાર, તેની પીછી, તેના રંગ, કે તે ચિત્રના ભિન્ન ભિન્ન અવયવ, એ બધું જેમ વિસરી જવાનું છે, તેમ લેખનું પણ જાણવું. સમગ્ર ચિત્રમાત્ર કેવું છે ? સમગ્ર વિષય નિરૂપણ કેવું છે ? આટલોજ વિચારવાનો વિષય છે અને તે વિચારનું ફલ બીજાને સ્પષ્ટ રીતે સમજાવવું છે. મહાનુભાવ ઉપાધ્યાયજીની કવિતામાં પણ વિષયના ઉદ્દેશનું એવુંજ સુંદર ચિત્ર રહેલું છે. તેમણે એ યોગના ઉપયોગી વિષયનું અવલંબન કરી તેને અંગે મનોવિકારનું સ્વરૂપ ખડું કરી તે મનનો નિરોધ કરવા માટે મન અને તેનું સ્વરૂપ, ધર્મ તથા તે પછી તેના જુદા જુદા અને તે પરત્વે પેદા થતાં વિષયોનું વિવેચન કરી સાહિત્યના સ્વરૂપમાં યોગ વિદ્યાને સારી રીતે ઉતારી છે. બાહ્ય પદાર્થ અને મનનો સંબંધ તથા તજ્જન્ય વિકાર ઈત્યાદી સંક્ષિપ્ત કવિતાથી બતાવી ગ્રંથકારે સાહિત્યના સંસ્કારને અનુસારે એ વિષયને ઉત્તમ રીતે પલ્લવિત કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજે પ્રસંગે તે મહાનુભાવ તેજ ગ્રંથમાં જણાવે છે કે,

चंदन गंध समान खिमा इहां,
वासकने न गवेषे जी ।
आसंगे वर्जित वलि एहमां,
किरिया निज गुण लेखेजी

આ કવિતાનો આશય એવો છે કે, જેમ શરીરાદિકનો ચંદનના જેવો સહજ ગંધ હોય તેમ ક્ષમા યુકત વચન પણ ચંદનના જેવું સહજ શીતળ હોય છે. સહજ સુગંધી શરીર જેમ બીજા ચંદનાદિકની અપેક્ષા રાખતું નથી, તેમ સહજ ક્ષમા ગુણ બીજાની અપેક્ષા રાખતો નથી. તેવી રીતે સંસારમાં આસકિત ન હોય તો તેની સર્વ ક્રિયા આત્માના ગુણને લેખે થાય છે.

આ કવિતામાં કર્ત્તાએ ઉપમાન અને ઉપમેયનું ચિત્ર અસરકારક રીતે વર્ણવ્યું છે તેમણે વર્ણ્ય વિષયને એવી સરસ રીતે કથન કર્યો છે કે તે સમજવાથી વાંચનારના મનને આખા વિષયનું ભાન થઈ આવે-છે અને તેથી અતિશય આનંદ પેદા થાય છે. આનું નામજ કવિની ચમત્કારિક રચના પેદા કરવાની શકિત કહેવાય છે. જે કવિ કોઇ એવી બોધક વસ્તુનું કોઈ વિલક્ષણ વ્યંજનાથી ટુંકામાં વર્ણન કરે કે વાચકને ' અહો ' થયા વિના રહેજ નહીં.

આવા કાવ્યોથી જૈન સાહિત્ય ઉચ્ચ કોટીમાં આવી શકે છે. આવા અનેક ગ્રંથો લખી જૈન કવિઓએ જૈન સાહિત્યના ઉદ્યાનને નવપલ્લવિત કરેલું છે. આજ કાલ એવું નવીન સાહિત્ય થવું મુશ્કેલ છે. જો એવા જુના સાહિત્યને વાંચી તેમાંથી દર્શાવેલી ચમત્કૃતિઓ અને ખુબીઓ સમજી શકાયતો બસ છે. જ્યાં સુધી જૈન પ્રજા પોતાના સાહિત્યના અંતરંગના રસના સ્વાદથી વિમુખ રહે છે, ત્યાં સુધી તે પોતાના પ્રાચીન લેખકોના ઋણમાંથી મુકત થવાની નથી. તે ઉપકારી મહાત્માઓ ઉપકાર બુદ્ધિથી જે લખી ગયાછે તેમના કરેલા નિઃસ્વાર્થ શ્રમને જૈનપ્રજાએ સાર્થક કરવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## મુનિ વિહારથી થતા અપૂર્વ લાભો.

આપણા પરમ પૂજ્ય ધર્મગુરૂઓના દરેક જુદેજુદે સ્થળે વિચરવાથી અને ચાતુર્માસથી આપણને તેમજ અન્ય પ્રાણીઓને તેમના ઉપદેશથી અનેક લાભો થાય છે. અને તેવી રીતે સતત વિહાર કરતા અને વિચરતા મુનિરાજો ઉપદેશરૂપી પાનથી સ્વપરનું કેટલું હિત કરે છે, તે નીચેની હકીકતથી માલમ પડે તેવું હોવાથી દરેક જૈન બંધુઓને વાંચવાની ખાસ ભલામણ કરીયે છીયે.

આપણે ભલી રીતે જાણીએ છીએ કે જ્યાં જ્યાં મુનિ મહાત્માઓનો વિહાર થાય છે ત્યાં અવશ્ય કાંઇને કાંઇ થયા વગર રહેતું નથી? પછી તે શું થયું તે વિચરનાર મુનિ ઉપર આધાર રાખે છે. જો મુનિ મહાત્મા તદ્દન જુની ઢબનાજ હોય છે તો ત્યાં માત્ર જુની ઢબનાંજ નગારાં વાગવા જેવું કામ થાય છે. પણ જ્યાં જરા જમાનાને થોડા ઘણા અંશે પણ માન આપનારા મુનિરાજોનો સમાગમ થાય છે ત્યાં અવશ્ય જુની ઢબમાં કોઇને કોઇ પ્રકારનો અવનવો ધર્મનો સુધારો જમાનાને અનુસરી આપણને સુખપ્રદ થયા વગર રહેતો નથી.

લખવાને ખુશી ઉપજે છે કે આ શાલ આ શહેર મિયાગામ જ્યાં શેષા કાળમાં પણ પ્રાયઃ સાધુઓનો સમાગમ થવો દુર્લભ ત્યાં એકદમ આઠ સાધુ અને બે સાધ્વીઓનો સમાગમ તે પણ કોનો? જગપ્રસિદ્ધ જ્ઞાનક્રિયાના ભંડાર ઉગ્રવિહારી તપગચ્છાચાર્ય ન્યાયાંભોનિધિ શ્રી ૧૦૦૮ **શ્રીમદ્ વિજયાનંદ સૂરિ** (આત્મારામજી) મહારાજજીના સંઘાડાના સુપ્રસિદ્ધ વિદ્વરત્ન મુનિ શ્રી **વલ્લભવિજયજી મહારાજ**, મુનિશ્રી લાવણ્યવિજયજી, મુનિશ્રી વિમળવિજયજી મુનિશ્રી વિબુધવિજયજી, મુનિશ્રી વિદ્યાવિજયજી, મુનિશ્રી વિચારવિજયજી, મુનિશ્રી વિચક્ષણવિજયજી, અને મુનિશ્રી મિત્રવિજયજી આઠ સાધુ તથા સાધ્વીજી શ્રી દેવશ્રી અને હેમશ્રી. આવો અપૂર્વ આનંદદાતા સાધુ સાધ્વીઓનો સમાગમજ થઇ રહ્યો છે કે મિયા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામના જૈન બંધુઓનો આ વર્ષ કોઇ અપૂર્વજ પુણ્યોદય પ્રાપ્ત થયો છે ! અને તે પ્રમાણે મિયાગામના જૈન બંધુઓએ અપૂર્વ આનંદ-જનક ધર્મકાર્યમાં ભાગ લીધો છે એ પણ બીજા જૈન બંધુઓને અવશ્ય અનુકરણ કરવા યોગ્ય છે. જ્યારે આપણા નગર કે ગામમાં મુનિમહારાજનો જોગ હોય તેમ છતાં કાંઇ ધર્મ કાર્ય ન બને તો પછી ક્યારે બની શકે ? માટે આ બાબતમાં મિયાગામના જૈન બંધુઓને ખરા અંતઃકરણથી ધન્યવાદ ઘટે છે.

## સમાધાન.

સંઘમાં થોડા સમયથી કાંઇક નજીવા કારણને લઇ બે ફાંટા પડી ગયા હતા. તે સમાધાની ઉપર આવી એક થઇ ગયા છે. આ ઠેકાણે અમારાથી કહ્યા વગર રહેવાતું નથી કે કેટલેક ઠેકાણે આથી ઉલટુંજ થાતું નજરે આવે છે ? તે નહિ જણાવતાં આશુભ સમાચારમાં એવા ગરબડિયા સમાચાર લખવા ઠીક નથી.

## પાઠશાળાનું બંધારણ.

મુનિરાજોના સદુપદેશથી આપણા ભાઇઓ સમજવા લાગ્યા છે કે કેળવણી વિના આપણામાં સો મણ તેલે અંધારા જેવું છે ! માટે ગમે તે પ્રકારે નાની વયના બાળકોને ધાર્મિક કેળવણી સાથેજ સાંસારિક કેળવણી આપવી ઉચિત છે. એકલી સાંસારિક કેળવણી આપવાથી ધર્મની શ્રદ્ધા જેવી જોઇએ તેવી રહેતી નથી અને પાછળથી જુની શ્રદ્ધા વાળાઓની સાથે આજ કાલના નવા કેળવણી પામેલા યુવકોની બનતી રાશ ન આવવાથી ઘણી વખતે ગડબડ થઇ આવે છે, માટે પ્રથમથીજ સાંસારિક કેળવણીની સાથે ધાર્મિક કેળવણી આપવામાં આવે તો શ્રદ્ધાપરિપકવ રહેવાથી હરેક પ્રકારે ધર્મની વૃદ્ધિ થવાને કારણ ભૂત તે કેળવાયેલ શખસ થઇ શકે છે. આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુભ હેતુને લેઈ પ્રથમથીજ બાળકોને ધાર્મિક કેળવણી મળવાનું સાધન પુરૂં પાડવા જૈન પાઠશાળાની સ્થાપના કરવી અને તેના હમેશના નિભાવને માટે વ્યાપાર ઉપર અમુક લાગો નાંખવો, જે વાતને સર્વ ભાઇઓએ માન્ય કરી કાગળ ઉપર સહીઓ કરી આપી છે. આટલું થતાં પણ અફસોસની વાત છે કે પાઠશાળામાં ભણાવવા લાયક પુરતો પગાર આપવા છતાં પણ મનપસંદ માસ્તર મળી શકતો નથી; જોકે આપણામાં જુદી જુદી માસ્તરો પુરા પાડવાની સંસ્થાઓ મહેસાણા પાઠશાળા વગેરે ઘણી સાંભળવામાં આવે છે ખરી, પણ વખતસર જ્યારે ત્યારે પણ પાઠકને માટે ફાંફાંજ મારતા લોકોને સાંભળીએ છીએ અને એવા કારણથી ઉત્સાહ પૂર્વક કરેલું કામ વચમાંજ રહી પાર પડતું નથી ! તેનું કારણ સંસ્થાઓના વ્યવસ્થાપકોની જોઈતી કાળજી હોય તો તે સાધન પુરૂં પડે તે સ્વભાવિક છે.જ્યારે જુદે જુદે સ્થળેથી જૈન ભાઇઓની પાસેથી સેંકડો અને હજારો રૂપીઆ ફંડમાં લેઇ તે ફંડની મદદથી હુશીયાર કરેલ આદમી પોતાનાજ ધર્મના કામોને માટે મદદગાર ન થઇ શકે તો પછી એવી રીતે ઉછેરવાનું ફળ શું ? માટે મેનેજરોએ કાળજી સાખવાની જરૂર છે કે આપણી મદદથી આપણા હાથ તળે ઉછરેલ વિદ્યાર્થીઓ આપણી મરજીને અનુસરીને ધર્મના કામમાં ખપ પડે ત્યારે મદદ આપવા વાળો તૈયાર કરવો જોઇએ ! બીજે ઠેકાણે પચીસ પગારના મળે તે છોડી દે, પણ પોતાના ધર્મની વૃદ્ધિને માટે વીશ સ્વીકાર કરે, એવા ઉત્સાહી નર નીકળે ત્યારેજ ઉત્તરોત્તર જ્ઞાન વૃદ્ધિ દ્વારા કેળવણીનો પ્રસાર થઇ ધર્મોન્નતિ થઈ શકે તેમ છે, પણ આતો એક ઠેકાણે પંદર મળતા હોય બીજા વીસ આપવા તૈયાર થાય તો તે પાઠશાળાનું ચાલતું કામ વચમાંજ છોડી ખરાબ કરી બીજે ઠેકાણે દોડી જવા તૈયાર થાય છે ! આનું કારણ પ્રથમથીજ તેની સાથે કોઇ પણ પ્રકારનો નિયમ કાયમ ન કરવો એજ છે બીજું કાંઇ નહિં જ્યારે સંસ્થાવાળાઓ પાઠશાળાને મદદ આપવા માસ્તરો પેદા કરવાનો દાવો ધરાવેછેતો આબાબતમાં તેઓએ પ્રથમથી ખાસ કાળજી રાખવાની જરૂર છે. વળી માસ્તર સુશીલ, શ્રદ્ધાળુ હોય તો નાની વયના બાળકો ઉપર તેવીજ છાપ પડી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ શ્રાવક નામ ધરાવીને પોતેજ પ્રાયઃ પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પચ્ચખાણ, દેવવંદન ગુરૂવંદન વિગેરેમાં સુસ્ત હોય તો તેના ભણાવેલા છોકરાઓ પણ તેજ રસ્તો પકડે તેમાં નવાઇ શી ? માટે મિયાગામના જૈન બંધુઓની જે તીવ્રલાગણી છે, તે અવશ્ય સ્તુતિ પાત્ર છે અને તે બીજાઓને પણ અનુકરણ કરવા યોગ્ય છે. પણ આજે લાગણી એમના મગજમાં ઠરી છે. તેનું કારણ મુનિરાજના સદુપદેશ સિવાય બીજું કાંઇ ન સમજવું અને જો મુનિરાજની હાજરીમાં એ લાગણી પારપડી શકશે તો પડી શકસે, નહીંતો પાછું ગજસ્નાન જેવુંજ સમજવું ?

મિયાગામના જૈન બંધુઓની લાગણી એવી છે કે માસ્તર ભલે પચીસ નહીં પરંતુ ત્રીસનો પગાર લેનાર હોય; પણ તે જાતે શ્રાવક હોય, શ્રદ્ધાલુ હોય, નિરંતર દેવપૂજા, ગુરૂસેવા, સામાયિક, પ્રતિક્રમણાદિ નિત્ય ક્રિયાનો કરનાર હોય, અભક્ષ્યનો ત્યાગી હોય, માર્ગોપદેશિકાના બે પુસ્તક અને પ્રકરણમાં કર્મગ્રંથ સુધીનો અભ્યાસ કરાવી શકે તેવો હોવો જોઇએ.એમાં શક નહીં કે મિયાગામના જૈન બંધુઓની અભિલાષા ઘણીજ સ્તુત્ય છે, અને એવીજ હોવી જોઇએ. પણ આજ કાલની પ્રવૃત્તિ તરફ નજર દોડે છે તો જેમ શ્રી પ્રભવાસ્વામીને પોતાના સકળ સમુદાયમાં પણ પોતાના પાટને યોગ્ય નજર ન આવ્યો તેમ હિંદુસ્તાનની સકળ જૈન સંપ્રદાયમાં મિયાગામના જૈન બંધુઓની સંપુર્ણ અભિલાષાને સંપુર્ણ કરનાર હજી સુધી કોઇ મળી શકતો નથી ? આશું થોડા ખેદની વાત છે.

હવે અત્રે પ્રસંગથી અમો મિયાગામના જૈન બંધુઓને સૂચના કરીએ છીએ કે આશામાંને આશામાં તો કાંઇએ બનવાનું નથી ? જો કે તમારી આશા ઘણી સુંદર છે, પણ તેની ખોળમાં રહી હાલ કામ ચલાઉ શખ્સ ખોળી કાઢી કામ ચાલતું કરશો તો આગળ જતાં તમારા ઉત્સાહની વૃદ્ધિ થાશે, નહીં તો હાલમાં જે આશા છે તે ઓસના બીંદુ જેવી થઇ જશે દૂધપાક પૂરી લાડવાના અભાવે ખાખરા પણ કોઇ વખત ખાઇ પેટ પુરૂં કરવું પડે છે માટે મળતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચીજનો ખપ કરી વધારેને માટે આકાંક્ષાવાળા બન્યા રહેવું અને તે વસ્તુ મળે તરતજ તેનો ખપ કરી લેવો એ અમો ઉચિત જાણીએ છીએ.

## પર્યુષણાપર્વારાધન.

પર્યુષણાપર્વ જૈન સમુદાયમાં સર્વોત્તમ પર્વ કહેવાય છે શું ? મનાય છે. જે બાબતમાં આ બાલ પર્યંત જૈનના મુખમાંથી એકજ ધ્વનિ પ્રગટે છે. જે જૈન કુળમાં પેદા થયેલ કોઇ દિવસ પણ વર્ષ મધ્યે ઉપાશ્રયનું મોઢું નહીં જોતો હોય તે પણ પ્રાયઃ પર્યુષણા પર્વમાં તો અવશ્યહી ઉપાશ્રયમાં આવે છે; આજ પર્વની મહત્તા દેખાડી આપે છે. આવા શુભ પર્વારાધનને માટે પોતાના ગામ કે નગરમાં જોઇતું સાધન ન મળી શકવાથી જ્યાં તેવું સાધન હોય છે ત્યાં નજીક નજીકના ગામ કે નગરવાળા ભાઇઓ પધારે છે. તે મુજબ આ સાલમાં સુપ્રસિદ્ધ મહામુનિ મહારાજનું ચોમાસું હોવાથી આસ-પાસનો આશરે એક હજાર બાઇ ભાઇઓનો સમુદાય પોતાનું ઘરબાર છોડી મીયાગામમાં જ આવી વસ્યો હતો જેથી મીયાગામ ગામને બદલે નગર જેવું થઇ ગયું હતું ! જ્યાં જુઓ ત્યાં શ્રાવક અને શ્રાવિકાનાંજ ટોળાં ને ટોળાં નજરે પડતાં હતાં જે અન્ય લોકોના મનને ઉત્સાહિત કરતાં હતાં !

## તપસ્યા.

પ્રથમ અત્રે જે કોઇ મોટી તપસ્યા કરે તેને માથે લાગો કાયમ થઇ ગયો હતો. અન્ય ઘણે સ્થળે પણ તેમજ જોવા કે સાંભળવામાં આવે છે ! જો કે શાસ્ત્રોમાં તપની પાછળ ઉદ્યાપન કરવા ફરમાવેલ છે પણ તે યથા શકિત સ્વામીવત્સલ વગેરે જેનાથી જે બની આવે તે પોતાની ઉલટથી ઉત્સાહ પુર્વક ખુશીથી કરે,તેમાં કોઇને આડે આવ-વાનું કારણ નથી. પણ આ તો કેટલેક સ્થળે કેટલાકોએ શાસ્ત્રા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનું આલંબન લેઈ એક પ્રકારનો ટેકસ બનાવી દેવા જેવું પ્રાયઃ ઠરી મુકયું છે કે, અમુક તપસ્યા ત્યારેજ કરી શકે જ્યારે નોકારસી કરે ! વગેરે, વગેરે કારણોને લઈ ઘણે ઠેકાણે ઘણા ભાઇ ભાઇના (પોતાની તપસ્યા કરવાની શકિત હોવા છતાં પણ ખર્ચવાના ભયથી ) મનના ભાવ મનમાંજ રહી જાય છે ! માટે તેમ થાવું ઠીક નહીં સમજી, શ્રી સંઘના તરફથી ખુલ્લો ઓર્ડર થઇ ગયો કે જેની જેટલી તપસ્યા કરવાની શકિત હોયતે ખુશીથી કરે. ખર્ચના કારણથી જો કોઇનું મન પાછું હઠતું હોય તો તે હઠાવે નહીં; ખુશીથી બનતી તપસ્યા કરે. સંઘના તરફથી એ બાબતમાં કોઇપણ પ્રકારનો નોકારસી વગેરેનો લાગો નહીં સમજવો. જેનું તત્કાળ ફળ સર્વના અનુભવમાં આવી ગયું અને વધારેમાં વધારે એક મહિના સુધીની તપસ્યા મીયાગામમાં થઈ. આ વાતને પણ લક્ષમાં રાખવા અમો અમારા વિવેકી સુજ્ઞ સાધર્મીભાઈઓને વિનંતી કરીએ છીએ.

તપસ્યા કરનાર શ્રાવકભાઇનું નામ જગજીવન છે. ઉમર આસરે ચાલીશ અને પચાસની અંદર છે. એક મહિનાની તપસ્યામાં એક દિવસ પણ પૂજા, વ્યાખ્યાન, બે વખતનું પડિક્કમણું કે ગુરૂવંદન છોડયું નથી. રોજ ત્રણે દેરાસર પગે ચાલી દર્શન કરવા જતા. સંવત્સરીને દિવસે ચતુર્વિધિ સંઘની સાથે ચૈત્ય પરિપાટીમાં પણ પોતે સાથે પગે ચાલતાજ ગયા હતા. પારણાને દિવસે પોતે પોતાના તરફથી સ્વામીવાત્સલ્ય કરી સર્વ સ્વામી ભાઇઓને પોતાને હાથે પીરસતા હતા જેથી લોકોના મુખથી ધન્ય ધન્યનો ધ્વનિજ નીકળતો હતો કે ધન્ય છે ! તપસ્યા થાય તો આવીજ થાવી જોઇએ. એક દિવસ પણ ધર્મ ક્રિયામાં ફરક નથી પડયો, બલકે સંવત્સરી પડિક્કમણામાં વંદિતા સૂત્ર પોતે એવા જોરથી કહ્યું હતું કે આખા ઉપાશ્રયમાં તો શું પણ ઉપાશ્રયમાં ન સમાવાથી બહારના ભાગમાં પડિક્કમણું કરવા બેઠેલા ભાઇઓ પણ ખુશીથી સાંભળી શકતા હતા ! બાકી લાંબા પડી દિવસ પુરા કરવા અને દેવપૂજા, ગુરૂવંદન પડિક્ક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણું, વ્યાખ્યાન, દેવદર્શન વગેરે છોડી દેવું એમાં અને આમાં પુર્વોક્તમાં કેટલો તફાવત છે તે સ્વયંહી વિચારવું યોગ્ય છે!

---

## બે અઠ્ઠાઇ મહોત્સવ તથા બે રથયાત્રા.

પર્યુષણાપર્વારાધન નિમિત્ત બે અઠ્ઠાઇ મહોત્સવ અને બે રથયાત્રાના વરઘોડા ચઢ્યા હતા.અઠ્ઠાઇ મહોત્સવમાં પૂજા પ્રભાવના વગેરેનો આનંદ વડોદરા તથા સુરતથી ગવૈયા બોલાવવાથી અવર્ણનીય થયો હતો.

---

## ત્રણ સ્વામીવચ્છલ અને બે નોકારસી.

હમેશના રીવાજ મુજબ એક સ્વામીવચ્છલ અગિયારસે,એક ભાદવા સુદિ ૧ જન્મ મહિમાને દિવસે અને એક ભાદરવા સુદિ પાંચમ સંવત્સરીના પારણાને દિવસે એમ ત્રણ સ્વામીવચ્છલ અને ભાદરવા સુદિ છઠ્ઠને દિવસે નોકારસી થઈ છે.

હમેશાં એક દેરે અઠ્ઠાઇ મહોત્સવ વારાફરતી થતો આવે છે, પરંતુ આ વર્ષ બહારના ભાઈઓનો વધારે ઉત્સાહ હોવાથી બીજે દેરે અઠ્ઠાઇ મહોત્સવ થયો હતો, જેનો વરઘોડો રથયાત્રાનો ભાદરવા સુદિ નોમે ચઢયો હતો અને તેજ દિવસે બીજી નોકારસી થઇ હતી.

---

## જીવ દયા વગેરેની ટીપ.

ઉપર મુજબનો ઉત્સાહ જોઇ મહારાજશ્રીએ દ્રવ્યક્ષેત્ર કાળ ભાવાનુસાર ઉપદેશ કર્યો કે આવા પર્વના દિવસોમાં તમો લોકો આવા ઉત્સાહ ભર્યા ઉમંગથી અનેક પ્રકારનાં ભોજનોથી આનંદ માનો છો અને તમારા જૈની કહેવાતા સાધર્મીભાઇ તથા બાપડાં ખોડાં ઢોરો વગેરે રોટલાથી કે ઘાસ ચારાથી પણ ભુખે મરે તો શું આજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલ સંભળાતા દુષ્કાળના સમયમાં તે તરફ ધ્યાન કરવાની તમારી ફરજ નથી ?

અમારી સમજ મુજબ તો આવા સમયમાં સર્વ ઠેકાણે સર્વ ગામ નગરોમાં જે કાંઇ ઉત્તમ પર્યુષણા પર્વમાં ખર્ચ કરવાનો જેનો કોઈનો પણ ભાવ હોય તેણે આવા કામની તરફ વધારે ખ્યાલ કરવાની જરૂરત છે. શ્રી સંઘ જયવંતો છે. દેહરા ઉપાશ્રયનાં કામ અટકે તેમ નથી. તેમાં તો હરસાલ આવક થાતીજ રહે છે. પણ આવા સમયમાં ભરતાને ન ભરતાં ખાલીની ખબર લેવાય તો ઘણું સારૂં કહેવાય? ઈત્યાદિ સારભૂત વાણી સાંભળી લોકોનાં હૃદય પીગળી આવ્યાં. તત્કાળ એક ટીપ શરૂ થઇ જેમાં જેમાં અનુમાન બે હજારથી ઉપર રકમ મંડાઈ છે ! જે રકમના વિભાગ કરી યોગ્ય સ્થળે મોકલવામાં આવે છે. આવીજ રીતે અન્યત્ર પણ થવાની અવશ્યકતા છે તે અમારા સુજ્ઞ જૈન બંધુઓ સ્વયં વિચાર કરી ધ્યાનમાં લેશે એવી આશા છે. આવી રીતે મુનિ મહારાજાઓના સમાગમથી જૈન ધર્મની કેટલી ઉન્નતિ થાય તેવું છે તે સેહેજે જણાઇ આવે છે.

( મળેલું. )

For Private And Personal Use Only